# ‘તાનારીરી’ ફાઇનલની યાદગાર સુરીલી સાંજ

## જન્મભૂમિ, જૈન યુથ ફોરમ, ભારતીય વિદ્યા ભવન અને શરદ મહેતા (અમેરિકા)ના સહયોગથી આયોજિત નવી પેઢી માટેની સંગીત હરીફાઈને શ્રોતાઓએ મનમૂકીને માણી




(તમામ તસવીરો : વિરલ જોશી)

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૯ : મુંબઈની ભવન્સ ચોપાટીના હૉલમાં ગુરુવાર સાંજે વ્યસ્ત સમયમાંથી પણ સમય કાઢીને યુવા ગાયકોને બિરદાવવા માટે મુંબઈગરાંઓ ભેગા થયા હતા. અવસર હતો જન્મભૂમિ અને જૈન યુથ ફોરમ (જેવાયએફ) દ્વારા ભારતીય વિદ્યા ભવનના સહયોગથી પ્રસ્તુત શરદ મહેતા દ્વારા આયોજિત ગુજરાતી ગીતોની સૂરથી મઢેલી મેહફિલ ‘તાનારીરી’ સ્પર્ધાની ફાઈનલનો. મુંબઈના સ્પર્ધક માનવ લાખાણીએ ‘તબીબો પાસેથી દવા લઈને નીકળ્યોથી શરૂઆત કરીને છેક મહુવાના અજિત દાન ગઢવીના છેલ્લા ગીત સુધી યુવા ગાયકોએ એવો રંગ રાખ્યો કે સતત અઢી કલાક સુધી શ્રોતાઓ પોતાની બેઠક પરથી ખસ્યા નહીં.’

તાનારીરી સ્પર્ધા વિશે માહિતી આપતા શરદ મહેતાએ કહ્યું કે, ૫૮ વર્ષથી તેઓ વિદેશમાં વસે છે, પણ હૃદયમાં ભારત છે, ગુજરાત છે અને ગુજરાતની સંસ્કૃતિ છે. ગુજરાતી ભાષાની માવજત કરવાની જવાબદારી આપણી તમામની છે, એમાં તમામે ફાળો આપવો જોઈએ. જન્મભૂમિના કુંદન વ્યાસે કહ્યું હતું કે, ગુજરાતીઓ એટલે માત્ર શૅરબજાર એવી ટીકા અને માન્યતાનો યુવા કલાકારોએ જવાબ અહીં આપ્યો છે. ‘જન્મભૂમિ’ ગુજરાતી ભાષા અને કલાકારોને પ્રોત્સાહન આપવાનું કામ કરે જ છે. અહીંયા મોટી સંખ્યામાં હાજર રહીને લોકોએ ‘જન્મભૂમિ’ ને પ્રોત્સાહન આપવાનું કામ કર્યું છે. ‘જન્મભૂમિ’ના મૅનેજિંગ ટ્રસ્ટી હાર્દિકભાઈ મામણિયા અને ટ્રસ્ટી સંજયભાઈ શાહ સાથે ચર્ચા બાદ આ સ્પર્ધાને માત્ર મુંબઈ સુધી સીમિત નહીં રાખતાં ‘ફુલછાબ’ અને ‘કચ્છમિત્ર’ના સહયોગથી સમગ્ર ગુજરાતના કલાકારો માટે રાખી હતી. જૈન યુથ ફોરમના રજની સંઘવીએ બાળકોને ગુજરાતી ભાષા શીખવવા માટે એમની સંસ્થા દ્વારા આયોજિત કરવામાં આવતા ‘થેંક્યુ ગુજરાતી’ કાર્યક્રમ તથા ‘ધીંગા-મસ્તી’ કાર્યક્રમ વિશે માહિતી આપી હતી.

યુવા ગાયક કલાકારો અને એમને માણવા માટે હાજર રહેલા પ્રેક્ષકો શ્રોતાઓ વચ્ચે કડી બનવાનું કામ જાણીતા કવિ શોભિત દેસાઈએ પાર પાડ્યું હતું. સ્પર્ધામાં કુલ ૧૪ યુવા કલાકારોએ અવાજનાં કામણ પાથર્યા હતાં, જેમાં અગાઉ ક્યારેય ન સાંભળ્યા હોય અથવા તો બહુ જૂનાં ગીતોને સાંભળવાનો અનેરો અવસર પ્રેક્ષકોને મળ્યો હતો. સિનિયર વર્ગમાં મુંબઈની હિમાની ગઢવીએ ‘માડી તારું કંકુ ખર્યું’ અને જુનિયર ગ્રુપમાં અમદાવાદની કાવ્યા વોરાને ‘અલી તારું હૈયું કેસુડાનું ફૂલ’ આ ગીત માટે પ્રથમ ઇનામ મળ્યું હતું.

સ્પર્ધામાં રુદ્ર વકીલે ‘શામળીયા શણગાર કરો’ ગીત રજૂ કર્યું હતું, જેનું સ્વરાંકન પણ એણે જ કર્યું હતું. મોરબીની અનેરી ત્રિવેદીએ ‘ટેવ છે એને પ્રથમ’ રજૂ કર્યું હતું. પિયાનો પ્લેયર તરીકે એ આર રહેમાનના હસ્તે એવૉર્ડ મેળવનારા કૃષ્ણ દવેએ ‘બધું જ જલદી શીખવવાના તારા આયાસ રહેવા દે’ આ ગીતની બહુ જ સરસ રજૂઆત કરી હતી. ત્યારબાદ મુન્દ્રાના ધ્રુવાંશ માંકડે પુરુષોત્તમ ઉપાધ્યાયે ગાયેલું ગીત ‘તારો છેડલો તું માથે રાખને જરા’ પ્રસ્તુત કર્યું હતું. સુરતના આર્જવ રાવળે કવિ રઈશ મણિયારના ‘કિનારા અલગ રહીને ઝરણને જીવતું રાખે’ ગીતને રજૂ કર્યું હતું. અમન રાયઠ્ઠાએ ‘આ શું પ્રગટ્યું છે મારામાં’ ગીત રજૂ કર્યું હતું. દેવભૂમિ દ્વારકાના રિષિ ચલ્લાએ ‘કાનાના હૈયામાં રાધાનું રૂપ’ આ ગીત ગાતી વખતે શબ્દોને રમાડીને અનોખી અસર ઊભી કરી હતી. વડોદરાની તર્જની જોશીપુરાએ ‘સખી મારો સાયબો સુતો’ ગીત અને ભુજના ઉદિશ વોરાએ ‘તારો રે શણગાર કરતા’ આ ગીતની શરૂઆતમાં ‘ઓ શ્યામ’નો આલાપ સુંદર રીતે ગાયો હતો. કવિ મરીઝના ‘બસ એટલી સમજ મને પરવરદિગાર દે’ ગાતી વખતે સુરતના આદિત્ય નાયકે ‘જો અલ્લાહ ઉધાર દે’ની રજૂઆત કરીને ઘણી વાહ વાહ મળી હતી. છેલ્લા લોકગીતમાં અજિતદાન ગઢવીએ હૉલને ગજવી મૂક્તા નિર્ણાયકો આશિત દેસાઈ, હેમાં દેસાઈ, રેખા ત્રિવેદી અને સ્નેહલ મુઝમદારે એની ગાયકી માટે અલગથી એક વિશેષ ઈનામની જાહેરાત કરીને આ યુવા લોક કલાકારને પ્રોત્સાહન આપ્યું હતું.

કાર્યક્રમનું સંયોજન હિતેન આનંદપરા દ્વારા અને સંગીત અનિલ દેસાઈનું હતું, જેમાં તબલાં પર મનોજ ભાટી, સાઇડ રિધમ નવીન મનરાજા, બાંસુરીવાદક કિરણ વિનકર અને કી-બોર્ડ પર ભગવતી હતા. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સ્પર્ધકે માત્ર બે મિનિટનો ગીતનો વિડિયો મોકલવાનો હતો. કુલ ૪૫૦થી વધુ એન્ટ્રીમાંથી ગાયકોને પસંદ કર્યા હતા. નિર્ણાયક તરીકે હાજર રહેલા આશિત દેસાઈએ તમામ સ્પર્ધકોને રોજ અડધો કલાક રિયાઝ કરવાની સલાહ અને આશીર્વાદ આપ્યા.



જુનિયરમાં કાવ્યા વોરાને શરદ મહેતા (અમેરિકા) અને પીયૂષ મગનલાલ સાવલાના હસ્તે (થાણા બેરાજા, શાહ એન્ટરપ્રાઈઝ)



જુનિયરમાં તૃતીય ઈનામ: રિષી ચલ્લાને નેહલ હાર્દિક મામણિયાના હસ્તે



સિનિયરમાં પ્રથમ ઈનામ : હિમાની ગઢવીને ફ્લુટ ઍન્ડ ફેધર ફાઉન્ડેશનના ટ્રસ્ટી અનિલ કડકિયા અને મુખ્ય અતિથિ હિના સંજય શાહ (એન્કરવાલા)નાં હસ્તે



જુનિયરમાં દ્વિતીય ઈનામ: ઉદિશ વોરાને ભૂપેન વડગામાના હસ્તે



કાર્યક્રમના સંચાલક : શોભિત દેસાઈ



સિનિયરમાં દ્વિતીય ઈનામ : માનવ લાખાણીને શરદ મહેતા અને કુન્દન વ્યાસના હસ્તે



સિનિયરમાં તૃતીય ઈનામ : કૃષ્ણ દવે અને આદિત્ય નાયકને શરદ મહેતા અને JYF ના ટ્રસ્ટી વિપુલ છેડાના હસ્તે



સ્પેશિયલ ઈનામ અજિતદાન ગઢવીને શરદ મહેતા અને દીપક પારેખના હસ્તે



મૅડલ: રુદ્ર વકીલ, તર્જની તારક જોશીપુરાને આશિત દેસાઈ, હેમા દેસાઈનાં હસ્તે



કૃષ્ણ દવેને બિરદાવતાં રેખા ત્રિવેદી અને સ્નેહલ મઝુમદાર



ધ્રુવાંશ માંકડને આશીર્વાદ આપતાં આશિત દેસાઈ

### ભાગ લેનારા તમામને ચંદ્રક

સ્પર્ધા હોય એટલે કોઈને પ્રથમ ક્રમાંક મળે તો કોઈકને કંઈ પણ ન મળે. આવી સ્પર્ધામાં ભાગ લેવાનો તથા સંગીતક્ષેત્રના ધુરંધરો સામે પોતાની કલાને પ્રદર્શિત કરવાનો અનુભવ પણ બહુ જ મહત્ત્વનો હોય. જન્મભૂમિ દ્વારા આ સ્પર્ધામાં ભાગ લેવા માટે આવેલા પણ વિજેતા ન થયા હોય એવા તમામ સ્પર્ધકોને ચંદ્રક આપીને નવાજ્યા.

### જૂનાગઢની શાળાના ૬૦૦ વિદ્યાર્થીઓએ કાર્યક્રમ લાઈવ જોયો

બીએપીએસ સ્વામિનારાયણ વિદ્યા મંદિર જૂનાગઢના શાળામાં ધોરણ-૮ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતો રિશી બિમલ ચલ્લાએ તાનારીરી સ્પર્ધામાં મુંબઈમાં ગીત રજૂ કર્યું હતું. જેને શાળામાં ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ યુટ્યૂબના માધ્યમથી લાઇવ નિહાળ્યો હતો. શાળાના આચાર્ય સુમિત રાણપરિયાએ કહ્યું હતું કે, ‘રિશી હાર્મોનિયમ વગાડતો અને શાળાના વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેતો હતો. અમે સ્કૂલના હૉલમાં પ્રોજેક્ટર પર કાર્યક્રમ જોયો. સુગમ સંગીતનો કાર્યક્રમ જોવાનો અનોખો લહાવો હતો.’

### સ્પર્ધકો તથા એમના પરિવારના સભ્યોનો અનુભવ

મુન્દ્રાથી આવેલા ૧૪ વર્ષના ધ્રુવાંશ માંકડે આ સ્પર્ધા વિશેના પોતાનો અનુભવ જણાવતાં કહ્યું હતું કે, ‘અજાણ્યા મુંબઈ શહેરમાં અમને જે આવકાર મળ્યો એને શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી. ભલે મારો નંબર ન આવ્યો, પણ શ્રોતાઓ, મૅનેજમેન્ટ અને કર્મચારીઓ તમામે મને બહુ જ સહકાર આપ્યો હતો.’ ધ્રુવાંશનાં મમ્મી રુત્વા માંકડે કહ્યું કે, ‘ધ્રુવાંશનો આ સ્પર્ધાની ફાઈનલ સુધી પહોંચવાનો અનુભવ બહુ જ સારા રહ્યો. તમામે બહુ જ મદદ કરી હતી.’ ભુજથી આવેલા ૨૧ વર્ષના સ્પર્ધક ઉદિશ વોરાએ કહ્યું કે, ‘દિગ્ગજ કલાકારો સમક્ષ ગાવાનો મોકો મળ્યો એ માટે તમામનો આભારી છુ.’ ઉદિશની મમ્મી મૈત્રી વોરાએ કહ્યું હતું કે, ‘અવારનવાર આવા કાર્યક્રમો કરવામાં આવે તો સુગમ સંગીતને પ્રોત્સાહન મળે. નવા કલાકારોને મંચ મળે સાથોસાથ ગુજરાતી ભાષાનો પ્રચાર અને પ્રસાર થઈ શકે.’



# છત્તીસગઢમાં નક્સલવાદીઓ દ્વારા ભાજપ નેતાની હત્યા

### કોમલ માંઝીની ક્રૂર હત્યાથી ચકચાર



જગદલપુર, તા. ૯ : છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં નક્સલવાદીઓએ ભાજપના નેતા કોમલ માંઝીની ગળા પર પ્રહાર કરીને નિર્મલ હત્યા કરી નાખતાં ભારે ચકચાર ફેલાઈ હતી.

સવારે મંદિરથી પાછા ફરતા હતા ત્યારે કેસરિયા પક્ષના નેતાને નક્સલીઓએ પકડી લીધા હતા અને ગળું કાપી નાખ્યું હતું.

જંગલમાં લઈ જઈને હત્યા કર્યા બાદ ચારથી પાંચ નક્સલવાદીએ કોમલ માંઝીનો મૃતદેહ ગામમાં ફેંકી દીધો હતો.

આ હિંસક કૃત્ય કર્યા પછી નક્સલીઓ જંગલમાં નાસી ગયા હતા. માંઝી આમદઈ ખાણની દલાલી કરતા હતા, તેમને રોકવા છતાં ન માન્યા હોવાથી હત્યા કરી છે, તેવું નક્સલીઓએ મૃતદેહ સાથે ફેંકેલા પત્રમાં લખ્યું હતું.

### લોકોનાં હિતોને હાનિકારક


# એઆઇને નાથવા માટે યુરોપિયન યુનિયન કાયદો લાવશે

નવી દિલ્હી, તા. ૯ : આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ)નો સૌથી વધારે ઉપયોગ ખોટાં કામો માટે કરાય છે. આમ થવાથી ઘણા પડકારો વિશ્વ સામે ઊભા થઇ શકે છે. આ હકીકતને ગંભીરતાથી ધ્યાને લેતાં એઆઇ પર નિયંત્રણ લાવવા માટે એક કાયદો લાવવાની તૈયારી થઇ રહી છે.

ભારત જ નહીં, પરંતુ અમેરિકા સહિત દુનિયાના અનેક દેશોને પરેશાન કરનાર એઆઇની સુવિધાને નાથવાની વાતો ઘણી થઇ છે. કોઇ કાયદો નથી, પરંતુ હવે યુરોપીય સંઘ કાયદો લાવવા સહમત થયું છે.

અહેવાલ અનુસાર યુરોપિયન યુનિયને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર નિયમન લાવવા કાયદો ઘડવાની તૈયારી બતાવી છે.

જો આવું બને તો આખી દુનિયામાં પહેલીવાર એવું થશે જ્યારે એઆઇની સુવિધા કાયદાના દાયરામાં આવશે.




એઆઇ અધિનિયમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં ગતિભેર થઇ રહેલા વિકાસ સાથે તેનાં જોખમો પર નિયંત્રણ રાખશે.

આ કાયદો લોકોની સુરક્ષા, આજીવિકા કે અધિકાર પર જોખમ સર્જી શકે તેવા એઆઇના દુરુપયોગ પર કાબૂ લાવશે.

કાયદો આવ્યા બાદ ઓપન એઆઇ, ચેટ જીટીપી, ગૂગલ બાર્ડ, જેમિની, મેટાના ઈમેજીનને આ કાયદો લાગુ રહેશે.

# બીજી ટી-૨૦ મૅચમાં ભારતીય મહિલા ટીમ સામે ઈંગ્લૅન્ડની ચાર વિકેટે જીત

મુંબઈ, તા. ૯ : ઈંગ્લેન્ડ સામે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલા શ્રેણીના બીજા ટી૨૦ મેચમાં ભારતની મહિલા ટીમનો ધબડકો થયો હતો. ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ સામે માત્ર ૮૦ રન બનાવીને ઓલઆઉટ થઈ હતી. ટીમ તરફથી માત્ર સ્મૃતિ મંધાના અને રોડ્રીગ્સ જ બે અંક સુધી પહોંચી શકી હતી. જેમાં રોડ્રીગ્સે સૌથી વધારે ૩૦ રન કર્યા હતા. જીત માટે મળેલા ૮૦ રનના પડકારને ઈંગ્લેન્ડને પાર પાડવામાં ઈંગ્લેન્ડને પણ મુશ્કેલી પડી હતી અને ૬ વિકેટ ગુમાવી દીધી હતી. ઈંગ્લેન્ડે મેચમાં ટોસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી હતી. ઈંગ્લેન્ડની મહિલા ટીમનો આ નિર્ણય યોગ્ય સાબિત થયો હોય તેમ માત્ર ૩૪ રનમાં જ ભારતીય મહિલા ટીમે પાંચ વિકેટ ગુમાવી દીધી હતી.

### શિયાળાની શરૂઆત સાથે જ સંક્રમણમાં વધારો

# દેશમાં ફરી કોરોનાના નવા ૧૪૮ કેસ



નવી દિલ્હી, તા. ૯ : ભારતમાં હજારો લોકોનો ભોગ લેનારી કોરોના મહામારીનો હજી પણ સંપૂર્ણ ખાતમો થયો નથી. શિયાળાની શરૂઆત સાથે જ દેશમાં ઘણા મહિના બાદ કોવિડના એક સાથે ૧૪૮ કેસ નોંધાયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ ભારતમાં કોરોનાના એક દિવસમાં ૧૪૮ નવા દર્દી નોંધાયા છે. તાજેતરમાં કોવિડના નવા કેસ વધતાં હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યા પણ વધીને ૮૦૮ થઈ ગઈ છે. આરોગ્યના નવા બુલેટિન અનુસાર કુલ ૪.૪૪ કરોડ લોકો સંક્રમણમાંથી મુક્ત થઈ ચૂક્યા છે જે રાહતની વાત છે. ઉલ્લેખનીય છે કે હાલમાં ચીનમાં ન્યુમોનિયાની એક રહસ્યમય બિમારી ફેલાયેલી છે અને ભારતમાં પણ તેના અમુક કેસ નોંધાયા હોવાનું બિનસત્તાવાર રીતે કહેવાઈ રહ્યું છે. ત્યાં હવે કોરોનાના કેસોમાં વધારો થયો છે.